# ગુજરાતની સિંહ છલાંગ

Ajay Umat




**ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ મહદંશે વાપીથી મહેસાણા સુધીના રેલવે ટ્રેકની બંનેબાજુના ૨૪ કિલોમીટર સુધીના વિસ્તારમાં થયો છે અર્થશાસ્ત્રીઓ આ વિસ્તારને ગુજરાતનાવિકાસનો ગોલ્ડન કોરિડોર કહે છે**

**ડીએમઆઇસીના પગલે ગુજરાતની સિંહ છલાંગ**



ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ મહદંશે વાપીથી મહેસાણા સુધીના રેલવે ટ્રેકની બંને બાજુના ૨૪ કિલોમીટર સુધીના વિસ્તારમાં થયો છે. અર્થશાસ્ત્રીઓ આ વિસ્તારને ગુજરાતના વિકાસનો ગોલ્ડન કોરિડોર કહે છે.

ગુજરાત અનેક ક્રાંતિઓનું જનક રહ્યું છે. કૃષ્ણ ભગવાન પણ રાજ કરવા અંતે તો ગુજરાત આવ્યા હતા. ખુમારીથી છલકાતી ગુજરાતી પ્રજા ખંતીલી, સાહસિક અને સંસ્કારસ્વાર્થી છે. આઝાદીની ચળવળ શરૂ કરનાર ગાંધીજી, દેશી રજવાડાઓને એક કરી અખંડ ભારતનું નિર્માણ કરનારા સરદાર પટેલ જેવા સપૂતોને આ ધીંગીધરાએ જન્મ આપ્યો છે.

સંતો અને શૂરાઓની આ ભૂમિએ જયપ્રકાશ નારાયણને સંપૂર્ણ ક્રાંતિની પ્રેરણા આપી હતી. કેરળના કુરિયનને શ્વેતક્રાંતિ માટે ગુજરાતની ભૂમિ ફળદ્રુપ જણાઇ હતી. હરિયાળી ક્રાંતિની શરૂઆત પંજાબથી થઈ, પરંતુ નર્મદા યોજનાના સફળ અમલીકરણ બાદ ગુજરાતના કૃષિવિકાસદરે હરણફાળ ભરી છે.

ઔદ્યોગિક વિકાસ અને મૂડીરોકાણની દ્રષ્ટિએ ગુજરાત હંમેશાં મોખરે રહ્યું છે, પરંતુ આવનારા દિવસોમાં દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર અને સિલ્વર કોરિડોરને પગલે ગુજરાત આવનારા દાયકામાં ભારતનું ગ્રોથ એન્જિન સાચા અર્થમાં પુરવાર થશે.

ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ મહદંશે વાપીથી મહેસાણા સુધીના રેલવે ટ્રેકની બંને બાજુના ૨૪ કિલોમીટર સુધીના વિસ્તારમાં થયો છે. અર્થશાસ્ત્રીઓ આ વિસ્તારને ગુજરાતના વિકાસનો ગોલ્ડન કોરિડોર કહે છે. ગુજરાતના નકશાનો ધ્યાનથી અભ્યાસ કરશો તો જણાશે કે પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોમાં ખાસ કરીને સાબરકાંઠા, બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, રાજપીપળા, ભરૂચ, સુરત, વ્યારા, સોનગઢની આસપાસ ઔદ્યોગિક વિકાસ નહિવત્ છે.

શહેરી વિસ્તારોની સરખામણીમાં મૂડીરોકાણ નગણ્ય છે. આ દ્રષ્ટિએ ગુજરાતનો વિકાસ સંતુલિત નથી. ૧૫ વર્ષ પહેલાં કચ્છ અને સૌરાષ્ટ્રની હાલત પણ આદિવાસી વિસ્તારો જેવી હતી. જામનગરમાં રિલાયન્સ અને એસ્સારની રિફાઇનરી, ભાવનગર પાસે અલંગમાં શિપબ્રેકિંગ યાર્ડ, કચ્છમાં મુંદ્રા અને કંડલા બંદરના વિકાસ બાદ વલસાડથી માંડવી સુધીની દરિયાઈ પટ્ટી પર મૂડીરોકાણ વધી રહ્યું છે.

અર્થશાસ્ત્રીઓ આ વિકાસક્ષેત્રને સિલ્વર કોરિડોર કહે છે. ગુજરાતમાં આજે ૩૫ ટકા મૂડીરોકાણ સિલ્વર કોરિડોરમાં થઈ રહ્યું છે. યુનેસ્કોનો રિપોર્ટ કહે છે કે ૨૦૨૫ની સાલમાં ભારતની ૪૦ ટકા આયાત અને નિકાસ ગુજરાતનાં બંદરોથી થશે. ગુજરાતના કચ્છ-સૌરાષ્ટ્ર સહિતનાં તમામ બંદરોએથી જવા માટે ટ્રાફિક વધશે.

આવનારા દાયકામાં સૌરાષ્ટ્રનાં બંદરોએ જવા અમદાવાદ, ઉત્તર અને મધ્ય ગુજરાતથી છ લેનના રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવા પડશે. બ્રોડગેજ રેલવેનું નેટવર્ક ડબલ ટ્રેકનું ડેડીકેટેડ થશે. ગુજરાતની વસતીનું સ્થળાંતર દરિયાકાંઠે ૬૦ ટકા સુધી આગામી ૩૦ વર્ષમાં થશે. ગુજરાતમાં ધોલેરા બાદ નવાં આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો કયાં બનશે એ અંગેના સર્વેમાં કચ્છમાં કંડલા કે મુંદ્રા, રાજકોટ અને કેશોદની ગણના થાય છે.

રિફાઇનરી, સિમેન્ટ, કેમિકલ્સ, પાવર પ્રોજેક્ટ્સ અને ગેસ આધારિત ઉદ્યોગો હવે દરિયાકાંઠે આકાર લઈ રહ્યા છે. આ સિલ્વર કોરિડોરનો વિકાસ ગોલ્ડન કોરિડોરની માફક સંતૃપ્ત (સેચ્યુરેશન)ના સ્તરે પહોંચે એ પહેલાં દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર (ડીએમઆઇસી) આકાર લેશે. ગોલ્ડન અને સિલ્વર કોરિડોર બાદ ડીએમઆઇસી ગુજરાતમાં આર્થિક ક્રાંતિ લાવશે.

વિરાસતની પૂંજીના ભરોસે વિકાસ નથી થતો. વિકાસ માટે આયોજન અને અમલીકરણ પાયાની શરત છે. આવનારા દશકામાં દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર - ડીએલઆઇસી યોજનાનું સફળ અમલીકરણ થશે તો પશ્ચિમ ભારત ખાસ કરીને રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનો વિસ્તાર ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડિંગ હબ બની જશે.

ભારતના વિકાસ માટે આ ક્ષેત્ર ગ્રોથ એન્જિન બનશે. જાપાન અને ભારત સરકાર ઉપરાંત આ રાજ્યોના સહકારથી શરૂ થયેલી આ યોજનામાં વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થશે. આવનારા પાંચ વર્ષમાં આ રાજ્યોમાં રોજગારીની તકો બમણી થશે. ઔદ્યોગિક ઉત્પાદન ત્રણ ગણું થશે અને નિકાસની ક્ષમતા ચાર ગણી વધી જશે.

દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર (ડીએમઆઇસી)ની સાથોસાથ ડેડીકેટેડ ફ્રેઇટ કોરિડોર, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન, સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન, મિલ્ટ મોડેલ લોજિસ્ટિક પાર્ક, રેલવે અને પોર્ટલિંક ફ્રેઈટ ટર્મિનલ, વેરહાઉસિંગ અને સ્ટોરેજની અન્ય વ્યવસ્થાઓની વિકાસની યોજનાઓના પગલે હરિયાણના દાદરીથી વાયા દિલ્હી, રાજસ્થાન, ગુજરાતથી મુંબઈ સુધીનો ૧૪૩૮૩ કિ.મી.નો આ કોરિડોર ભારતના (૬૦%) અર્થતંત્રને રીતસર વાઈબ્રન્ટ બનાવશે.

રાજસ્થાનના ૫૭૮ કિ. મી., ગુજરાતના ૫૬૫ કિ.મી (૩૮%) અને મહારાષ્ટ્રના ૧૯૮ (૧૦%) અર્થાત્ ૮૭ ટકા વિસ્તારને સમાવતો આ ડીએમઆઈસીમાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી અને હરિયાણનું કુલ યોગદાન ૧૧ ટકા જેટલું છે. દેશની ૧૭ ટકા વસ્તી, ૧૪ ટકા વિસ્તાર અને છ રાજ્યોના ૮૨ જિલ્લાને આવરી લેતી આ યોજના અને આનુષંગિક પ્રોજેક્ટ્સમાં ભારતમાં આવનારા કુલ વિદેશી મૂડીરોકાણમાં ૫૫ ટકાથી વધુનો ફાળો રહેશે.

ગુજરાતને આનો સૌથી મહત્તમ ફાયદો થશે, કારણ કે ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુપર્બ છે. ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠો તથા નાનાં-મોટાં ૪૦ બંદરો પોર્ટ ઇકોનોમીને સુદ્રઢ બનાવે છે. ગુજરાતમાં ડાયમંડ મેન્યુફેક્ચરિંગ, એન્જિનિયિંરગ, ઓટોમોબાઇલ, ઓટો પાર્ટ્સ, ફાર્માસ્યુટિકલ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ અને એગ્રિકલ્ચરલ આધારિત ઇન્ડસ્ટ્રીઝનો નોંધપાત્ર વિકાસ થયો છે.

દેશનું ગ્રોથ એન્જિન ગણાતું ગુજરાત ઘણી બધી બાબતે દેશ અને દુનિયામાં ડંકો વગાડી રહ્યું છે. ગુજરાત પોલિશ્ડ ડાયમંડનું વિશ્વનું સૌથી મોટું કેન્દ્ર છે. દુનિયાની સૌથી મોટી ભૂમિગત પેટ્રોલિયમ રિફાઈનરી અહીંયા છે. સ્ટીલ ક્ષેત્રે ત્રીજા નંબરના કેન્દ્ર તરીકે ગુજરાતની ગણના થાય છે. વિશ્વની સૌથી મોટી સિંચાઈ નહેર અહીં છે. એટલું જ નહીં, પણ ગુજરાત ઈસબગુલ, જીરું અને દિવેલનું વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક છે.

રાષ્ટ્રકક્ષાએ પણ ગુજરાત અનેક ક્ષેત્રે અગ્રેસર છે. દેશમાં દવાઓ અને કેમિકલ્સનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાત કરે છે. પેટ્રોકેમિકલ્સના સૌથી મોટા ઉત્પાદક તરીકે રાજ્ય દેશભરમાં પ્રથમ ક્રમે છે, જ્યારે મીઠું,

સોડાએશ ઉપરાંત અન્ય દરિયાઈ ઉત્પાદનો પણ સૌથી વધુ ગુજરાતમાં થાય છે. એ જ રીતે માનવસર્જિત ફાઈબરનું પણ તે સૌથી મોટું ઉત્પાદક છે.

સ્પોન્જ આયર્નનો સૌથી મોટો પ્લાન્ટ પણ રાજ્યમાં છે. રિઝર્વ બેંકના રિપોર્ટ અનુસાર વિદેશી મૂડીરોકાણનો ૨૫ ટકા હિસ્સો ગુજરાતમાં વપરાય છે. બેંક ડિપોઝિટ્સમાં સર્વાધિક વૃદ્ધિ ગુજરાતમાં નોંધાઈ છે, ત્યારે આવનારા દશકમાં ડીએમઆઇસીના સથવારે ગુજરાત અને પશ્ચિમ ભારતનો વિકાસ મહત્તમ થશે.

ડીએમઆઇસી ઉપરાંત ગુજરાતના પોર્ટની ભૂમિકા આ પરિપ્રેક્ષ્યમાં ચાવીરૂપ બનશે. મુંબઈના જવાહરલાલ નહેરુ અને કચ્છના કંડલા પોર્ટમાં હંમેશાં ટ્રાફિકજામ જોવા મળે છે ત્યારે ગુજરાતના નવવિકસિત બંદરોમાં હેન્ડલિંગ અને લોડિંગ ટાઇમ ન્યૂનતમ હોય છે. ગુજરાતનાં બંદરોની કનેક્ટિવિટી રેલવે, રોડ અને હવાઈમાર્ગે મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા અને ઉત્તરપ્રદેશ સુધી રહેલી છે. ત્યારે ડીએમઆઇસીના આગમનને પગલે હાઇસ્પીડ ટ્રાન્સપોર્ટ અને હાઇસ્પીડ પોર્ટ નેટવર્કના એફિશિયન્ટ અને કોમ્પેટિટિવ એડવાન્ટેજ ગુજરાતને બેશક મળશે.

બીપીઓ, કેપીઓ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં આઉટસોર્સિંગનું મહત્તમ કામ હાંસલ થશે. જાપાન સરકાર ગુજરાતમાં ચીનના સેનઝેન અને મિડલ ઇસ્ટના ઝાબાબેલીને ટક્કર મારે એ કક્ષાના સ્પેશિયલ ઇકોનોમિક ઝોન બનાવવાનો વિચાર કરી રહી છે. યાહૂ, ગૂગલ, ઇન્ટેલ, આઇબીએમથી માંડીને એરબસ અને બોઇંગ જેવી કંપની પોતાનાં સર્વિસ સ્ટેશનો આ વિસ્તારમાં ખોલવા જગ્યા શોધી રહી છે.

ગુજરાતમાં ૧૫૦૦ કિલોમીટરની ગેસગ્રીડ પથરાઈ રહી છે. ક્રિષ્ણા-ગોદાવરી બેસિનના ગેસનું લેન્ડફોલ પોઇન્ટ ગુજરાત છે. ગુજરાતમાં આ ગેસ આધારિત સંખ્યાબંધ પાવર પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે. સીએનજી આધારિત વાહનોની સંખ્યા ગુજરાતમાં મહત્તમ છે. છેલ્લા એક દશકમાં ગુજરાતનો વિકાસદર દશમાંથી ત્રણ વખત ડબલ ડિજિટને પાર કરીને ૧૪.૭૭ ટકા સુધી પહોંચી ચૂક્યો છે.

ભારતનો જીડીપી એકપણ વખત ડબલ ડિજિટ થયો નથી, આવનારા દાયકામાં ગુજરાત ગેસ કેપિટલ બનશે. ઊર્જાક્ષેત્રે સરપ્લસ બનશે. સૌર અને પવનઊર્જા ઉપરાંત બિનપરંપરાગત ઊર્જાસ્રોતો વિકસાવવામાં પણ ગુજરાત પ્રથમ ક્રમે છે. સૌરઊર્જાનો દેશનો સૌથી મોટો પ્રોજેક્ટ અને ન્યુક્લિયર ટેક્નોલોજી આધારિત પાવર પ્રોજેક્ટ પણ ગુજરાતમાં સ્થપાઈ રહ્યા છે. આશા રાખીએ કે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સાથે આ સોનેરી સ્વપ્ન સાકાર થાય.

**બંદર -** ગુજરાત ૧૬૦૦ કિ.મી.નો સમુદ્રકિનારો ધરાવે છે, જેના પર કંડલા અને મુંદ્રા જેવાં વિશ્વકક્ષાનાં પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યાપક લાભ મેળવી રહ્યાં છે, આફ્રિકા અને યુરોપ તથા મધ્યપૂર્વ (ખાડી દેશો)ની સમીપ હોવાને કારણે ગુજરાતનાં બંદરો આયાત માટેનું પ્રવેશદ્વાર બન્યાં છે.

- ગુજરાતમાં ૪૨ પોર્ટ છે, જે પૈકી બે મોટાં પોર્ટ છે અને ૪૦ નાનાં બંદરો છે
- રાજ્યમાં સૌથી વધુ સંખ્યામાં ઓપરેશનલ પોર્ટ અને કોમર્શિયલ કાર્ગોપોર્ટ છે
- ખાનગી ભાગીદારી સાથે બંદર વિકસાવનારું દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત છે
- કેમિકલ ટર્મિનલ ધરાવતું દેશનું સૌપ્રથમ રાજ્ય
- દેશમાં પોર્ટ મારફતે થતા કુલ વેપારના ૪૦ ટકા વેપાર ગુજરાતનાં પોર્ટ્સ પરથી થાય છે

**માર્ગ -**

હાલ ગુજરાતમાં ૧૨૧૯ મોટા પુલ છે અને અન્ય ૪૨૧૮ નાના પુલ છે. સબ-વેની સંખ્યા રાજ્યમાં ૭૮,૦૯૧ની છે. દેશનો સૌપ્રથમ એક્સપ્રેસ વે ગુજરાતમાં અમદાવાદ અને વડોદરાને જોડતો ૯૩ કિ.મી.નો તૈયાર થયો હતો.

**ઊર્જા -**

રાજ્યમાં કુલ પાવર સ્ટેશન - ૨૬
સરકાર હસ્તક - ૧૨
ખાનગી ક્ષેત્ર - ૭
કેન્દ્રનો હિસ્સો - ૭

- તમામ ૧૮,૦૦૦ ગામડાંમાં ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી પૂરી પાડનારું એકમાત્ર રાજ્ય
- મજબૂત પાવર ગ્રીડ
- કુલ ઈન્સ્ટોલ્ડ પાવર કેપેસિટીમાં ૨૫ ટકા ખાનગી ક્ષેત્રનું યોગદાન
- ૨૦૦૭માં કુલ વીજ ઉત્પાદન ક્ષમતા ૯૫૬૧ મેગાવોટથી વધારીને ૨૦૧૨માં ૧૪૦૩૧ મેગાવોટ કરવાનું લક્ષ્યાંક
- માથાદીઠ વીજ વપરાશ ૧૩૫૪ યુનિટ છે, જ્યારે દેશનો સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૬૬૫ યુનિટ છે
- કુદરતી ગેસ (૩૪ એમએમસીડી) અને લિગ્નાઈટ (૧૦૭૨ એમએમટી)

**જળ -**

દક્ષિણ ગુજરાતમાં પુષ્કળ માત્રામાં પાણી છે ત્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીની અછત છે. સરદાર સરોવર સ્થિત નર્મદા મુખ્ય કેનાલને કારણે સ્થિતિમાં નોંધપાત્ર સુધારો જોવા મળશે.

- રાજ્યભરમાં વ્યાપક વોટર ગ્રીડ નેટવર્ક
- સિંચાઈ જળવિતરણ માટે ૭૫,૦૦૦ કિ.મી. વોટર ગ્રીડ
- ૨૦૧૦ સુધીમાં ૭૫ ટકા વસ્તીને વોટર ગ્રીડ હેઠળ આવરી લેવાશે

૨૦૧૦ના અંત સુધીમાં છ મહાનગરપાલિકામાં પાણીની ૯૮૬ એમએલડીની તંગી ઊભી થશે તેવો અંદાજ છે, જે દૂર કરવા માટે રૂ. ૮૬૦.૦૯ કરોડનું રોકાણ જરૂરી બનશે.



**મહત્વના શહેરી પ્રોજેક્ટ -**
- અમદાવાદ બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ(બીઆરટીએસ)
- મેટ્રો રેલ
- મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
- સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
- વોટર સપ્લાય એન્ડ સુએજ સિસ્ટમ
- લેન્ડ બેન્ક
- જેએનએનયુઆરએમ પ્રોજેક્ટ

**પોઇન્ટ ઓફ વ્યૂ -**
ગુજરાતના વિકાસમાં પ્રત્યેક સરકારનો સિંહફાળો છે. - **નરેન્દ્ર મોદી**